
एक कदम स्वच्छता की ओर

kruti graphic rajkot - ahmedabad




# PILLAR OF TRUST

# શુભાશિષ સદૈવ



ભગવાન સ્વામિનારાયણ તથા પ્રગટ ગુરુહરિ
મહંતસ્વામી મહારાજના શુભાશિષ સદૈવ આપ પર રહે
તેવી પ્રાર્થના સહ,
સાધુ અપૂર્વમુનિદાસના સસ્નેહ જયસ્વામિનારાયણ.



બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
**શ્રી સ્વામિનારાયણ મંદિર**
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૭. ફોન - ૦૨૮૧ ૨૪૫૧૦૦૧, ૯૯૯૮૯૯૩૦૦૦/૧/૨

"શ્રી સ્વામિનારાયણો વિજયતે"

તા. ૨૪/૧૨/૨૦૧૯
મંગળવાર

પ્રતિ, શ્રી દિલીપભાઈ લાડાણી...

અભિનંદન સહ જયસ્વામિનારાયણ.


એક નાનકડા ગામના બાળકમાંથી શહેરની શોભા વધારનાર શ્રેષ્ઠ શિલ્પી તરીકેની આપની પ્રગતિયાત્રા અતિ પ્રેરક છે. સંકલ્પશક્તિ, સાહસ, સૂઝ અને શ્રદ્ધા શું કરી શકે તેનું દ્રષ્ટાંત આપે પૂરું પાડ્યું છે.

નિર્વ્યસની અને સદાચારી જીવન સાથે પરોપકારની પરબ દ્વારા આપે અનેક પરિવારોની તૃષા છીપાવી છે. અનેક સન્માન, એવોર્ડ્સ સાથે અપ્રતિમ પ્રતિષ્ઠા પામવા બદલ અભિનંદન...

ભગવાન સ્વામિનારાયણ તથા પ્રગટ ગુરુહરિ મહંતસ્વામી મહારાજના શુભાશિષ સદૈવ આપ પર રહે તેવી પ્રાર્થના સહ,

સાધુ અપૂર્વમુનિદાસના સસ્નેહ જયસ્વામિનારાયણ.

Web Site : www.baps.org Email : rajkotbaps@gmail.com



# લક્ષ્ય
# લક્ષ્યાર્થ
# લક્ષ્યવેધ

પ્રકૃતિ દ્વારા માનવીને દઢ મનોબળ, પ્રબળ ઈચ્છાશક્તિ, નિશ્ચિત કાર્યને પરિપૂર્ણ કરવાની તીવ્ર જિજીવિષા, તેમ જ અથાગ પરિશ્રમ થકી લક્ષ્યનું નિર્ધારણ, તેનું અનુસંધાન અને પરિપૂર્ણતા  લક્ષ્યવેધની અંતઃસ્ફૂરણા, એ માનવજાતને મળેલ એક વિશેષ ઉપહાર સમાન છે.

તેમ છતાં પ્રત્યેક માનવી, ઉપરોક્ત ગુણ પામી શકતો નથી. તેને માટે તો મન–મસ્તિષ્ક તેમ જ ધ્યેયસિદ્ધિને તીવ્રતાથી પામવાની આકાંક્ષા રહે છે, અને આ સર્વે બાબતો દિલીપભાઈ લાડાણીમાં મોજુદ જણાઈ છે.

જે તેમના કાર્યોમાં રહેલ નિર્ધારણ ક્ષમતા, નિશ્ચિત સમયાવધિનું સંધાન અને ઉત્કૃષ્ટ તથા બેનમૂન પરિણામો થકી અનેક વખત લક્ષ્યવેધ શબ્દને અદ્વિતીય પ્રોજેકટો દ્વારા તેમણે પોતાની કાર્યપ્રણાલિ તરીકે સહજતાથી પ્રસ્તુત કર્યા છે.



## દિલીપભાઇ શામજીભાઇ લાડાણી

સૌરાષ્ટ્રના જુનાગઢ જિલ્લાના કેવદ્રા ગામના મુળ વતની. તેમનો જન્મ તારીખ : ૨–૫–૧૯૬૯ તેમના મોસાળ માણાવદર ખાતે થયો.

તેમના દાદા ભીમજીભાઇ ખૂબ મહેનતુ અને પરિશ્રમી ખેડૂત. દિવસનો મોટા ભાગનો સમય ખેતી કામમાં જ વ્યતિત થઇ જતો. ખેત ઉત્પાદન થકી ઉપજની સુચારૂ માર્કેટ વ્યવસ્થા થાય, તે આશયે દાદાએ તેમના મોટા પુત્ર અને દિલીપભાઇના પિતાજી શામજીભાઇને દુકાન શરૂ કરવા સુચવ્યું. આર્થિક રીતે અત્યંત મધ્યમ વર્ગિય પરિવાર, તેમ છતાં દાદા દુરંદેશી તેમ જ સમયને નાણનાર વ્યક્તિ હતા. તેઓ ઇચ્છતા કે તેમના ચારે પુત્રો તથા પૌત્રો શાળાકિય અને ત્યાર બાદ ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કરે. માટે જ દિલીપભાઇનો હાથ પકડીને દાદા દરરોજ સ્કૂલે મૂકવા જાય.

દિલીપભાઇના રમતિયાળ બાળપણને લીધે ભણવામાં પૂરતું મન લાગતું નહીં. તેમ છતાં હાઇસ્કૂલ સુધીનું શિક્ષણ તેમણે કેવદ્રામાં પૂર્ણ કર્યા બાદ વધુ અભ્યાસ અર્થે કેશોદ ખાતે હાયર સેકન્ડરી સુધીનો અભ્યાસ પૂરો કર્યો. ગણિત તેમનો ગમતો વિષય પણ અંગ્રેજી વિષય શરૂઆતથી જ ઢીલો રહ્યો. જેનો તેમને ઘણાં લાંબા સમય સુધી ભોગવટો રહ્યો.

...અને ત્યારે જ તેમણે નક્કી કર્યું કે જીવનસાથી તો અંગ્રેજી વિષયની જાણકાર જ હોય, અને થયું પણ તેમ. કલકત્તા ખાતે તેમનું સ્વસુરગૃહ નિશ્ચિત થયું.

જો કે હાયર સેકન્ડરીના અભ્યાસ બાદ દિલીપભાઇએ સીવીલ એન્જિનીયરીંગમાં સ્ટ્રકચરલ ડિઝાઇનિંગને વ્યવસાયલક્ષી વિષય સુનિશ્ચિત કરી મોરબી એન્જી. કોલેજથી ગ્રેજ્યુએશન અભ્યાસનો પ્રારંભ કર્યો.

REDEFINING FUTURE
LADANI
ASSOCIATE
PILLAR OF TRUST



**પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામીના વરદ હસ્તે
દિલીપભાઇ ની ઓફિસનું પ્રારંભીક દીપ પ્રાગટ્ય
તા.૨૮/૫/૧૯૯૫**

# સ્ટ્રકચરલ એન્જિનીયરીંગ

જમીન અર્થાત ભૂમિ પર રચાતી કોઇ પણ પ્રકારની ઇમારતનું માળખું એટલે કે સ્ટ્રકચર, તેને સ્થિરતા, મજબુતાઇ, આકાર અને આયુષ્ય અર્પવાનું કાર્ય કરે છે.

જેમ મનુષ્ય શરીરને આકાર અને મજબુતાઇ અર્પવાનું કાર્ય, અસ્થિબંધન તેમ જ સ્નાયુ રચના દ્વારા થાય છે.

આજના ગતિશીલ તથા પ્રગતિશીલ યુગમાં રચાતી ભવ્ય ઇમારતોના સ્ટ્રકચરમાં જ્યોગ્રોફી (ભૂગોળ), સાયન્સ (વિજ્ઞાન), જિયોલોજી (ભૂસ્તર), એટમોસ્ફીયર (આબોહવા) અને ગ્રેવિટી (ગુરૂત્વાકર્ષણ) ના પ્રભાવને ખૂબ બારીકાઇથી અભ્યાસના રૂપમાં સામેલ કરવામાં આવે છે. માટે જ આજે સાયન્સ ઓફ સ્ટેબિલીટી (સ્થિરતા), સ્ટ્રેન્થ (શક્તિ), રીજીડીટી (સ્થાયી) તથા લોન્જેવિટી (દીર્ઘાયુ) તરીકે પણ ઉલ્લેખવામાં આવે છે.

દિલીપભાઇએ ૧૯૮૮ માં મોરબી ખાતેની એન્જિનીયરીંગ કોલેજમાંથી સીવીલ એન્જિનીયરીંગનું ગ્રેજ્યુએશન પ્રાપ્ત કર્યા બાદ વધુ અભ્યાસ અર્થે ઇન્ડિયન ઇન્સ્ટીટયુશન ઑફ ટેકનોલોજી (આઇ.આઇ.ટી.) GATE ની એક્ઝામ આપીને ઉચ્ચ અભ્યાસ માટે પોતાના રસપ્રદ અને રૂચિના વિષય સ્ટ્રકચરલમાં માઇક્રો નોલેજ પ્રાપ્ત કરવાનો પ્રારંભ કર્યો અને સ્કોલરશિપ પ્રાપ્ત કરવાને પાત્ર બન્યા.

અભ્યાસ પ્રત્યેની સતત લગની અને શિખવાની જિજીવિષાએ તેમને ૧૯૯૨ માં અમદાવાદ ખાતેની લબ્ધપ્રતિષ્ઠિત એલ.ડી. એન્જિનીયરીંગ કોલેજ ખાતેથી માસ્ટર ઇન સ્ટ્રકચરલ ડિઝાઇનમાં ઉત્કૃષ્ટ ગુણ મેળવી ઉત્તિર્ણ તો થયા, સાથે-સાથે આંતરિક ક્રિએટીવીટીના જાણે દ્વાર ખૂલી ગયા.

**“જે સમયને સમજીને ચાલે છે,
સમય તેને એક કદમ આગળ રાખે છે.”**

આ એ સમય હતો, જયારે કમ્પ્યુટરનો આ ક્ષેત્રમાં પ્રારંભિક યુગ હતો. હજુ લોકો જયારે તેને સમજવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે દિલીપભાઇએ કમ્પ્યુટરના માધ્યમથી સ્ટ્રકચરલ ડિઝાઇનો બનાવવાનો પ્રારંભ કરી દીધો હતો.

કમ્પ્યુટર દ્વારા નિર્માતી ડિઝાઇનોને લીધે તેને સમજવામાં વધુ સરળતા, ચોક્કસતા, માપ-સાઇઝની સચોટતા તેમ જ ડિઝાઇનને ડાઇમેન્શનલી જોઇ શકવાના લીધે સ્ટ્રકચરલ કામ વધુ વેગવંતુ બન્યું.

તેના પરિણામ સ્વરૂપ એ અરસામાં જ દિલીપભાઇની સ્ટ્રકચર ડિઝાઇન દ્વારા નિર્મીત ‘આલિશાન’ નામની ઇમારતને શ્રેષ્ઠ ડિઝાઇનનો ‘ભારત નિર્માણ રત્ન’ નો એવોર્ડ તેના બિલ્ડરને રાષ્ટ્રપતિ હસ્તે એનાયન થયો.

આ ગૌરવની ક્ષણોએ લાડાણી એસોસિએટ્સને ભવિષ્યની સફળ કારકિર્દીની કેડી કંડારી આપી.

# પ્રોજેક્ટ સાઇટની પસંદગી

સતત અભ્યાસ અને વ્યાવસાયિક વ્યવહાર કુશળતાને લીધે એક વિશેષ આઇ–સાઇટ દિલીપભાઇ એ પ્રાપ્ત કરી.

પૃથ્વીનો કયો ભૂ–ભાગ આવાસ માટે શ્રેષ્ઠ રહેશે, અથવા કઇ સાઇટનો પ્લોટ કોમર્શિયલ વ્યવસાય માટે યોગ્ય રહેશે તેનો નિર્ણય–નજર પડતા જ નેત્ર–મન–મસ્તિષ્ક અને બહોળા અનુભવના સંમિશ્રણ થકી ક્ષણોમાં જ તેમાં રહેલી ગુણવત્તાને પારખી જવું, તે દિલીપભાઇમાં વિકસેલી આંતરસૂઝનું બેનમૂન પરિણામ છે. તેમની વ્યાવસાયિક સફરમાં નિર્ધારીત પ્રત્યેક સાઇટ સફળતાને પામી છે.

... અને તત્પશ્ચાત આરંભાયેલ પ્રત્યેક પ્રોજેકટમાં તેમનો અનુભવ–નેચરલ સેન્સ–અભ્યાસુ દષ્ટિકોણ–દિશાઓનો સ્વભાવ અને આર્કિટેકચરલ માપદંડ થકી જે ક્રિએટીવીટીનું નિરૂપણ જોવા મળે છે, તે બાબતે આજે માત્ર સૌરાષ્ટ્ર જ નહીં, સમગ્ર ગુજરાત અને તેનાથી પણ આગળ દિલીપભાઇના કાર્યની સુવાસ સતત પ્રસરી રહી છે.






# આંતરિક સમાયોજન

જ્યારે અનુભવ સાથે આત્મસૂઝ ભળે છે, ત્યારે નિર્માય છે કલાત્મક અભિગમ. સ્ટ્રકચરલની સાથે–સાથે આર્કિટ્રેકચરલ એકોમોડેશન તરફ પણ દિલીપભાઈની આઈસાઈટ વિકસવા માંડી. તેમને જે જોઈતું હતું, તેમાં બાંધછોડ કરવી સ્વીકાર્ય ન હતી. આ વિષયમાં તેમની વ્યવહારિકતાને તેઓ જોડવા ઈચ્છતા હતા.

ઘર નાનું હોય કે મોટું, તેની પર હંમેશા ગૃહિણીઓનું જ આધિપત્ય રહેતુ આવ્યું છે. રાજા કોઈ હોય કે ના હોય, રાણી તો ઘરની નારી જ. પૌરાણિક ભારતીય વાસ્તુકલા તથા દિશાઓનો ઊંડો અભ્યાસ આ સમયે દિલીપભાઈને કામ લાગ્યો. લીવીંગ રૂમ, બેડરૂમ, ડાઈનિંગ, કીચન, સ્ટોર, પૂજાઘર, ગેલેરી, આવશ્યક પ્રકાશમય ઓપન સ્પેસ તથા નેચરલ વિન્ડઝ, ઘરને દૈદિપ્યમાન અને વધુ મોકળાશવાળું હોવાની અનુભૂતિ કરાવે છે.

લાડાણી એસોસીએટ્સ દ્વારા નિર્મીત પ્રત્યેક હાઉસહોલ્ડ લે–આઉટ પ્રશંસા પામવા લાગ્યાં. આ સફળતાનું એક માત્ર કારણ–પોતાપણાની ભાવના સાથે તેઓ પ્રત્યેક નિર્માણમાં ક્રિએશનને આગવો સ્પર્શ અર્પવા સતત તત્પર રહ્યા છે.




# સેવા સાથે ઉત્તરદાયિત્વ

રાષ્ટ્ર તેમ જ સમાજજીવનમાં ઘટતી ઘટનાઓ, દેશના પ્રત્યેક નાગરિકને વત્તા–ઓછા પ્રમાણમાં અસરકર્તા બનાવે છે. આવા સમયે સેવાના ભાગ સ્વરૂપે આપણું પણ કંઈક યોગદાન હોય, તે આપણી નૈતિક ફરજનો ભાગ બને છે.

૨૦૦૧ માં ગુજરાત–કચ્છમાં ભયંકર ભૂકંપ આવ્યો હતો. આપણે સૌ તે ભયાવહ ક્ષણના સાક્ષી છીએ. આ ભૂકંપે અનેક ઇમારતોને વધતા–ઓછા પ્રમાણમાં નુકશાન પહોંચાડ્યું હતું. તે સમયે કચ્છ તેના કેન્દ્રમાં હોવાથી ત્યાંની હાઇ સીક્યોરીટી જેલના સ્ટ્રકચરને કેટલાં પ્રમાણમાં નુકશાન થયું છે, તે એક તજજ્ઞ તરીકે ચકાસવાની જવાબદારી દિલીપભાઇ લાડાણી પર આવી.

આ સમયે ક્રોંક્રિટ સ્ટ્રકચરનું એક્સ–રે સ્વરૂપ ‘નોન ડિસ્ટ્રીકટીવ ટેસ્ટીંગ ઇન્સ્ટ્રુમેન્ટ (એન.ડી.ટી.)’ વસાવી કચ્છ–સૌરાષ્ટ્રમાં અનેક ઇમારતોનું નિદાન કરી બહોળી સંખ્યામાં સમાજનાં જનમાનસમાં સેફટી અને નિરાંતની અનુભૂતિ દિલીપભાઇએ અનેક સ્થાનો પર ફરી–ફરીને સમાજ પ્રત્યેનું પોતાનું મોરલ ઉત્તરદાયિત્વ પ્રસ્તુત કર્યું, જે સર્વે ક્ષેત્રોથી સરાહનીય રહ્યું.

તદ્ઉપરાંત જ્ઞાતિ–જાતિના ભેદભાવ વગર સમાજનાં જરૂરિયાતમંદોને યેન કેન પ્રકારે આર્થિક તથા સામાજિક સેવા કરવી તે તેમને વારસામાં મળેલ સંસ્કાર સ્વરૂપ છે.




કોઇ પણ પ્રકારનો ‘પ્રારંભ’ એ ગતિ તથા પ્રગતિનું પ્રથમ સોપાન છે. દિલીપભાઇના વ્યાવસાયિક કાર્યક્ષેત્રનો પ્રારંભ સ્ટ્રકચરલ ડિઝાઇનર તરીકે થયો. પુરાતન સમય માપક પારાશીશીની રેતી, જેમ જેમ સરકતી ગઇ, સમય વ્યતિત થતો ગયો, તેમ-તેમ કાર્યક્ષેત્રની દિશાઓ અને તેનો વ્યાપ પણ વિસ્તરતો ગયો.

સ્ટ્રકચરલ ડિઝાઇનની સાથે કન્ટ્રકશન કાર્યનો પણ પ્રારંભ થયો. એક પછી એક પ્રોજેક્ટો બનતા ચાલ્યા. તેમાં રહેલી કલાત્મકતા તથા ક્રિએશનની વિસ્તૃત શકયતાઓએ નાવિન્યતાના નવા દ્વાર ખોલી આપ્યા. નાના અને મધ્યમ માપ-સાઇઝના પ્રોજેક્ટથી થયેલો પ્રારંભ હવે તેજ ગતિએ વિસ્તરવા લાગ્યો. લકઝુરીયસ બંગ્લોઝ, હાઇરાઇઝ રેસિડેન્સિયલ પ્રોજેકટની સાથે કોમર્શિયલ પ્રોજેકટો પણ ડેવલપ થતાં ગયા.

વિશેષ કરી એક બિલ્ડર તરીકે સૌરાષ્ટ્રમાં નિર્માણ પામેલ આસ્થા, રાજધાની, રાજપેલેસ, પ્રદ્યુમન ગ્રીનસીટી, હેવલોક ટાવર્સ, મારૂતિ મેનોર્સ, ડેકોરા હાઇટસ એન્ડ હિલ્સ, એટલાન્ટિયા ગાર્ડન્સ, કિંગડમ રોયલ્સ, ધ ગાર્ડનસીટી, ડેકોરા હેબીટિટ, ડેકોરા ગ્રાર્ડન્સ, ડેકોરા સ્કવેર તેમ જ કલાસીક જેમ જેવા ઉલ્લેખનિય પ્રોજેકટોએ રાજમાર્ગના અનેકો માઇલસ્ટોનો રચિ દીધા. આ પ્રક્રિયા હજુ પણ નિરંતર ગતિશીલ છે.

સમયની સાથે પ્રાપ્ત થતો અનુભવ એક માર્ગદર્શક શિક્ષક સમાન બની રહે છે. તે મુજબ હાલના તબક્કે નિર્માણાધિન પ્રોજેક્ટો કંઇક વિશેષ અને આર્કિટેકચરલ સ્પર્શવાળા બની રહેવાના છે, જે લાડાણી બિલ્ડર્સના ડ્રિમ પોજેક્ટોમાંના એક હશે. જેમાં વિકટોરિયા ગાર્ડન્સ, વિન્ડસર ઍવન્યુ, ધ ફલોરેન્ઝા, વિન્ડસર ગાર્ડન્સ, ગ્રીનફીલ્ડ ગાર્ડન્સ, તેમ જ કલાસિક ઍવન્યુનું સમાવેશ થઇ શકે.

પ્રારંભ હવે તેજ ગતિમાં પરિવર્તિત થઇને
ક્ષિતિજોના સીમાડાઓને પાર થઇ રહ્યાં છે.
નિરંતર... અવિરત.



## પગદંડીથી રાજમાર્ગ સુધી



## સહાયક–સહયોગી

વાત જ્યારે સહકાર્યકર અને સહયોગીની આવે ત્યારે ‘‘જેમ એક અને એક બરાબર બે થાય, તેમ એક અને એક બરાબર અગિયાર પણ થાય.’’ આ વાત  દિલીપભાઇના શબ્દોમાં તેમની ઓફીસ તથા ફિલ્ડમાં તેમના કાર્ય સાથે સંકળાયેલા સદ્સ્યો માટે સુયોજીત અને સુસંગત હોય તેમ જણાય છે.

થોડામાં ઘણું સમજવાની રીત મુજબ સ્ટ્રકચરલ લે–આઉટ પ્લાન હોય કે માપ–સાઇઝની ઝીણવટભરી સમજ, આર્થિક લેતી–દેતીના હિસાબો હોય કે સમગ્રતાને જોડતું એસોસિએટસનું મેનેજમેન્ટ, આ બધું જ દિલીપભાઇના માત્ર ટૂંકા દિશા દર્શનમાં સમજી જતો સ્ટાફ મૂળભુત રીતે વિકાસ અને પ્રગતિમાં અગત્યના એકમ તરીકે સિદ્ધ થતાં રહ્યાં છે.

લાડાણી એસોસિએટસ સાથે સંકળાયેલું સમગ્ર ગતિશીલ નેટવર્ક, તેમની કાર્યશૈલીને અનુસરતી સમગ્ર ટીમને આભારી છે. તેમના વિકાસ–વૃદ્ધિમાં આ સર્વેજનોનો ફાળો ઉલ્લેખનિય રહ્યો છે.

કાર્ય તો સૌ કરે પણ તેમાં નિષ્ઠા અને પ્રમાણિકતાની જ્યારે સુવાસ ભળે છે, ત્યારે જ ‘એક અને એક બરાબર અગિયાર’ થવાના સૌ હકદાર બને છે.













# ઋણાનુબંધનો સેતુ

માણસ ક્યારેય નાનો કે મોટો નથી હોતો, પરંતુ તેમના ભાગે આવતું કાર્યનું ઉત્તરદાયિત્વ, પોતાના ક્ષેત્રમાં તેનું પ્રદાન, તેમાં રહેલી પારદર્શિતા, સચોટતા, વિશ્વસનિયતા તેમ જ પારસ્પરિક સંબંધોમાં નિકટતા જગાવવામાં અગત્યનો ભાગ ભજવે છે, પરિણામે કેળવાય છે આત્મિયતા અને મિત્રતા.

લાડાણી એસોસિએટસ તેમજ દિલીપભાઇના વ્યવસાયિક સફરમાં અનેક મિત્રો, સ્નેહીજનો, શુભેચ્છકો તેમ જ આપ્તજનોની લાગણી તેમ જ આર્થિક હિસ્સેદારીનો ઉલ્લેખનિય સહયોગ રહેલો છે.

જેમ કોઇ કામ નાનું હોતું જ નથી તેમ છતાં ઉલ્લેખનીય રીતે લોખંડ બાંધવાનું કામ કરતા કારીગર થી સમાજ જીવનનાં પ્રતિષ્ઠિત એવા કલાસિક ગ્રુપના મેનેજિંગ ડીરેક્ટર શ્રી રમેશભાઇ કનેરીયા સુધીના પ્રેરણારૂપ આપ્તજનોનો સાથ, સહયોગ, સહકાર, માર્ગદર્શન, દિશાદર્શન તેમ જ હૂંફ સતત મળતા રહ્યાં છે અને આવનાર ભવિષ્યમાં પણ તેમાં વૃદ્ધિ થાય તેવા ભાવ સાથે દિલીપભાઇએ પોતાની લાગણી શબ્દદેહે વ્યક્ત કરેલી છે.

સમય અને સંયોગ કોઇપણ એકમના વિકાસમાં અત્યંત મહત્ત્વનો ભાગ ભજવતું જોવા મળે છે. આ એ જ ક્ષણો અને અવસર રહ્યા છે, જ્યારે દિલીપભાઇને પોતાની વિતેલી જીવનયાત્રામાં દિલોજાન, દિલદાર અને ખરા અર્થમાં દોસ્તની ભૂમિકામાં સ્નેહાળ અને પ્રેમાળ આપ્તજનોની રહેલી ઉપલબ્ધિ અવિરત ઋણાનુબંધના સેતુનો ભાવ જગાવતી રહી છે. એ સર્વે આપ્તજનોનું સ્થાન તેમના હૃદયમાં આજે પણ આદરપૂર્વક અકબંધ છે.



Dr. APJ Abdul Kalam Sadbhavna Award ( National Achievers Recognition Forum )
Best Luxury Project of the Year, Rest of Gujarat ( The Garden City, Prop Reality )
Best Luxurious Residential Project ( The Garden City, Realty Leaders Zee Business )
Best Residential Project in Luxury segment ( Atlantia Garden, CNBC Bazaar )
Bharat Gaurav Award ( National Achievers Recognition Forum )

# એવોર્ડ અને સન્માન

ભવન નિર્માણ (Building Construction) ના ક્ષેત્રે લાડાણી એસોસિએટસએ ૨ ૩ વર્ષની સુદીર્ઘ વ્યવસાય યાત્રામાં મેળવેલ અનુભવ, નિર્માણક્ષેત્રની નિપૂણતા, ગ્રાહકલક્ષી અભિગમ, ટેકનોલોજીનો મહત્તમ પ્રયોગ તથા પરિપૂર્ણતાના આગ્રહ થકી તેમણે આમ સમાજમાં પોતાનું એક વિશેષ સ્થાન પ્રસ્થાપિત કર્યું છે. તેમ છતાં ખુલ્લા માર્કેટમાં જ્યારે ગુણવત્તાની વાત આવે ત્યારે કમ્પેરીઝન અને કોમ્પિટીશન પણ સાથે–સાથે ઉમેરાય છે.

અત્યાર સુધી સમયાંતરે નિર્માણ પામેલ અનેક પ્રોજેક્ટોમાંથી વિભિન્ન સ્તરે પ્રાપ્ત થયેલ એવોર્ડઝ, શિલ્ડ, પ્રશસ્તિપત્ર તેમજ વ્યક્તિગત સન્માન સ્વરૂપે અનેક પ્રતિષ્ઠિત સંસ્થાઓ તથા માનવ સમૂહની ઉપસ્થિતિ વચ્ચે ભાવ પ્રગટીકરણના પ્રતિક સ્વરૂપે શાલ ઓઢાડી નવાજવામાં આવ્યા છે.

જેમાં વિશેષ કરીને દિલીપભાઇને એચીવર્સ રેકગનાઇઝેશન ફોરમ દ્વારા ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સદ્ભાવના ઍવોર્ડ તથા ગ્લોબલ એચીવર્સ ફાઉન્ડેશન દ્વારા એશિયા પેસિફીક ગોલ્ડ સ્ટાર ઍવોર્ડ સાદર અર્પવામાં આવ્યા તેમજ ધ રીયાલીટી ફેક્ટ દ્વારા આર્કિટેક્ટ ફર્મ ઓફ ધી યર, ધ ગોલ્ડ સ્ટાર ઍવોર્ડ દ્વારા ધી મોસ્ટ ટ્રસ્ટેડ ડેવલપર્સ ઓફ ધ યર (કોમર્શીયલ), એ.બી.પી. ન્યુઝ દ્વારા ગાર્ડન એન્ટરપ્રાઇઝ પ્રોજેક્ટને રેસિડેન્સિયલ પ્રોપર્ટી ઓફ ધ યર અને સી.એન.બી.સી. બઝાર દ્વારા એટલન્ટા ગાર્ડન પ્રોજેક્ટને બેસ્ટ રેસિડેન્સિયલ લકઝરીને ઍવોર્ડ અર્પી લાડાણી એસોસિએટસ દ્વારા નિર્મિત તથા પ્રસ્થાપિત પ્રોજેક્ટોને એક સન્માનનિય સ્થાન અર્પ્યું છે.

માન–સન્માન એ સમાજ પ્રત્યેનું ઋણ, જાગૃતિ અને ઉત્તરદાયિત્વમાં વધારો કરે છે. જે સંસ્થાને વિશેષ જવાબદાર અને વ્યક્તિને નમ્ર બનવા પ્રેરે છે.




Victoria Gardens


Victoria Gardens


Greenfield Gardens


Greenfield Gardens


Greenfield Gardens


Windsor Avenue



The Florenza


Windsor Garden


Classic Avenue

# Our Milestones







































## યોગ-અનુયોગ અને ઈશ સંકેત



આજથી ૨૩ વર્ષ પહેલાં અમારા પ્રથમ સોપાનસ્વરૂપ વ્યવસાયનો પ્રારંભ પરમ પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામીજીના શુભાશિષ સાથે તેમના વરદ્ હસ્તે દીપ પ્રજવલન દ્વારા થયો હતો.

ત્યાર પછી તો સમયના વહેણની સાથે ગતિ-પ્રગતિ અને વિકાસ થતો રહ્યો અને આજે સન્માન સાથે જેનો ઉલ્લેખ થઈ શકે તે કક્ષા એ અમે આવી પહોંચ્યા છીએ. આ સ્થાન પર પહોંચવામાં અનેક-અનેકના સાથ-સહયોગ-આશિષ તેમજ શુભેચ્છા ઓનો સમાવિષ્ટ થયેલો છે.

આટલાં સમય પ્રશ્વાત હાલમાં જ એક યોગ રચાયો. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પૂજ્ય શ્રી પ્રમુખ સ્વામી મહારાજની ૯૮મી જન્મ જયંતિના મહોત્સવમાં અમારા વ્યવસાયનો પ્રારંભ કરાવનાર પરમ પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામીજીનો અચાનક ભેટો થઈ ગયો, અને રચાયો સ્મરણોનો સેતુ

આજે વિતેલા આટલાં વર્ષો પ્રશ્વાત ફરી અમારા વ્યવસાય સ્થાન પર પધારવા સ્વામીજીને અનુરોધ કર્યો જેઓ સ્નેહ પૂર્વક પધારીયા તેઓશ્રીના પાવન પગલા થકી ફરી વખત અમે ઉપકૃત થયાનો ભાવ અનુભવી રહ્યાં છીએ.

આને જ કહેવાય ઈશ્વરીય – ઈશ સંકેત

## સમગ્રતાનું સંક્ષિપ્ત અવલોકન

દિલીપભાઈનું જીવન કવન પ્રેરણાદાયિ અને દિશાદર્શક રહ્યું છે. સમયના અનેક ચઢાવ-ઉતાર સાથે અથાગ પરિશ્રમ, દ્રઢ મનોબળ, કલાત્મક દ્રષ્ટિકોણ, સચોટતાનો આગ્રહ તથા અંગત અને વ્યાવસાયિક કાર્યક્ષેત્રમાં સમર્પિત મનોવૃત્તિ થકી તેઓ અવિરત સમગ્રતાના કેન્દ્ર રહ્યાં.

પ્રેરણાત્મક વાંચન શારિરીક શ્રોષ્ઠવતા, રમત-ગમત પ્રત્યેનો લગાવ, કોઈ પણ પ્રકારના વ્યસનથી મુક્ત અને સરળ વ્યક્તિત્વ ધરાવતા દિલીપભાઈ મળવા જેવા માણસ છે. નિશ્ચિત કરેલું કાર્ય સુચારૂ રીતે છતાં સમર્પિત ભાવથી પરિપૂર્ણ કરવું તેમના સ્વભાવની ઓળખ છે. પારિવારિક હૂંફ અને વિશાળ મિત્રવૃંદ તેમની સફળતાનું એક વિશેષ આયામ છે.

કંઈક નવું – વિશેષ – અદ્વિતીય – મનોહર અને સર્વસ્પર્શી અભિગમ તેમની આદત અને જીવન ધ્યેય છે. તેમના દ્વાર નિર્માણ પામેલા અનેકો પ્રોજેક્ટો સમાજ જીવનમાં ઉલ્લેખનિય રહ્યાં છે. જેને જોવા – માણવા – અભ્યાસ કરવા તથા તેમા રહેલી થોડામાં વધુ અર્પવાની વૃત્તિનું નિરૂપણ ઉલ્લેખનો વિષય બન્યો છે.

નિર્માણ પ્રક્રિયાની વિશાળ શૃંખલા અંતર્ગત અનેક નાના-મોટા કામ કરતા વર્કરો આ નિરંતર કાર્યમાં સંકળાય છે, અનેકોને રોજી-રોટી તેમ જ બેરોજગારીના ભારથી મુક્ત થાય છે. મહેનત અને પરિશ્રમથી અનેકોને બે પાંદડે કર્યાનો આત્મ સંતોષ લઈ શકાય તેવા કાર્યોને દિલીપભાઈએ હંમેશા પ્રાધાન્ય અર્પ્યુ છે.

વિતેલા કાર્યકાળ દરમ્યાન પોતાના વ્યાવસાયિક સાથીદારોમાં રહેલી સારપ અને વિશેષતાઓને સહજતાથી ગ્રહણ કરી પ્રશિક્ષણની એક નિરંતર પ્રક્રિયાને સાહજીકતાથી તેનો સ્વીકાર કરવો તે તેમની આગવી રીત રહી છે.

સમય પ્રવાહમાન છે, ગતિશીલ છે, પ્રગતિશીલ છે તથા નવનિર્માણનું પ્રેરક છે. ગઈકાલની પેઢી જેને સ્વપ્નમાં નિહાળતી તેને આજની પેઢી સહજતાથી માણી રહી છે. આ સમગ્રતામાં ટેકનોલોજીની મહત્તમ ભૂમિકા કારણભૂત જણાય છે. તેમ છતાં આજે વિશ્વમાં સૌથી વધુ યુવાનોની જન સંખ્યા ધરાવતો દેશ ભારત છે. સાચી દિશામાં થતો પરિશ્રમ સફળતાને પામે છે. નિષ્ફળતા એ સફળતા તરફનો ધોરી માર્ગ છે, નિરાશાઓને ત્યજીને સ્વયંમાં રહેલી આવડતનો સુયોગ્ય રીતે વિકાસ સાધવાથી રાષ્ટ્રની પ્રગતિમાં સહભાગી થવાનું શ્રેય લઈ શકાય. દિલીપભાઈ પણ ધ્યેય બિંદુને ચરિતાર્થ કરવા સતત પ્રયત્નશીલ છે.

જેઓ પરિશ્રમની સાથે સ્વપ્નાઓને જુએ છે તથા પરિવર્તનને પામવાની ઉત્કંઠા સેવે છે, તેવા સર્વજનોની આવતી કાલ સુદ્રઢ અને પ્રગતિમાન છે. દિલીપભાઈ લાડાણી તેમાંના એક છે.

REDEFINING FUTURE
LADANI
ASSOCIATE
PILLAR OF TRUST

Member of CREDAI Rajkot

RBA RAJKOT BUILDERS ASSOCIATION

" UTSAV " 1st Floor, B/h TVS Show Room, Nr. Sony Center , Off. Kalawad Road, Rajkot-360 005.

+91 281 2585092 +91 96015 24305 ladanidilip@gmail.com

YouTube Ladani Associate www. ladanigroup.in ladaniassociate